Press Note

## સ્વરાજ ટ્રેક્ટર્સે 'મેરા સ્વરાજ એજ્યુકેશન સપોર્ટ પ્રોગ્રામ' પ્રસ્તુત કર્યો

- *વિદ્યાર્થીઓને નાણાકીય મદદ આપશે અને જીવંત એગ્રિ-મિકેનાઇઝેશન પ્રોજેક્ટ પર કામ કરવાની તક પ્રદાન કરશે*
- *ઉદ્યોગ માટે યુવાન એન્જિનીયરિંગ પ્રતિભાઓ તૈયાર કરશે*

**મોહાલી, 4 જૂન, 2021:** મહિન્દ્રા ગ્રૂપ 19..4 અબજ ડોલરનો ભાગ સ્વરાજ ટ્રેક્ટર્સે દેશભરના એન્જિનીયરિંગ વિદ્યાર્થીઓ માટે અર્લી કેરિયર ડેવલપમેન્ટ પહેલ 'મેરા સ્વરાજ એજ્યુકેશન સપોર્ટ પ્રોગ્રામ' શરૂ કર્યો છે, જેનો ઉદ્દેશ ભવિષ્ય માટે સક્ષમ એન્જિનીયર મોટી સંખ્યામાં ઊભા કરવાનો છે. આ પ્રોગ્રામ લાંબા ગાળાના વિકાસ માટે જરૂરી ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ અને સંપૂર્ણ અનુભવ ધરાવતા એન્જિયનીયરિંગ શાખાના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ એગ્રિ-એન્જિનીયરિંગ ઓફર કરતી ટોચની એન્જિનીયરિંગ કોલેજના વિદ્યાર્થીઓને લક્ષ્યાંક બનાવશે.

સ્વરાજ ટ્રેક્ટર્સે દેશની આઠ એન્જિનીયરિંગ કોલેજોમાંથી ઇન્ટર્નશિપ માટે પ્રથમ વર્ષના 37 વિદ્યાર્થીઓની પસંદગી કરી છે. વિદ્યાર્થીઓને સ્વરાજની ફાઇનલ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં સમાવવામાં આવશે. તેઓ ઇન્ટર્નશિપના ભાગરૂપે ઉદ્યોગના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ લાઇવ ફાર્મ-મિકેનાઇઝેશન પ્રોજેક્ટ પર પણ કામ કરશે.

**સ્વરાજ ટ્રેક્ટર્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર હરિશ ચવ્વાણે કહ્યું હતું કે,** "સ્વરાજમાં અમારો ઉદ્દેશ ભવિષ્ય માટે કુશળ અને બાહોશ એન્જિનીયર મોટી સંખ્યામાં ઊભા કરવાનો છે. આ માટે અમે વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીની શરૂઆતમાં અમારી સાથે જોડીશું અને તેમને અદ્યતન કૃષિ માટે વિવિધ મિકેનાઇઝેશન સંભવિતતાની જાણકારી મેળવવાની તક આપીશું. 'મેરા સ્વરાજ એજ્યુકેશન સપોર્ટ પ્રોગ્રામ' દ્વારા અમે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને એન્જિનીયરિંગનું શિક્ષણ મળવાની સાથે તેઓ ઉદ્યોગમાં વ્યવહારિક, અદ્યતન સાધનો અને ટેકનોલોજીઓથી પરિચિત થાય એવી આશા રાખીએ છીએ."

'મેરા સ્વરાજ એજ્યુકેશન સપોર્ટ પ્રોગ્રામ' દ્વારા વિદ્યાર્થીઓને ચાર વર્ષ માટે નાણાકીય મદદ મળશે, જે તેમના સતત સારાં શૈક્ષણિક દેખાવને આધિન છે.

ચાલુ વર્ષે પ્રોગ્રામ માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓ મુખ્યત્વે કૃષિ પૃષ્ઠભૂમિ ધરાવે છે, જે સ્વરાજની 'ખેડૂતોએ બનાવેલું અને ખેડૂતો માટે' બનાવેલની યુએસપીને સુસંગત છે.

Copyright © 2019 Mahindra & Mahindra Ltd. All rights reserved.

## સ્વરાજ વિશે

સ્વરાજ ટ્રેક્ટર્સ 19.4 અબજ ડોલરના મહિન્દ્રા ગ્રૂપનું ડિવિઝન છે તથા ભારતની બીજી સૌથી મોટી અને સૌથી વધુ ઝડપથી વિકસતી ટ્રેક્ટર બ્રાન્ડ છે. વર્ષ 1974માં સ્થાપિત સ્વરાજે શરૂઆતથી અત્યાર સુધી 1.5 મિલિયનથી વધારે ટ્રેક્ટરનું વેચાણ કર્યું છે. ભારતના અનાજનો કટોરો ગણાતા પંજાબમાં સ્થિત સ્વરાજ ખેડૂતો દ્વારા, ખેડૂતો માટે બનેલી બ્રાન્ડ છે, જેના ઘણા કર્મચારીઓ ખેડૂતો પણ છે. તેઓ વાસ્તવિક દુનિયામાં ઉપયોગી પર્ફોર્મન્સ લાવે છે અને વધારે ઉપયોગી, પાવરફૂલ પ્રોડક્ટ બનાવે છે, જે પર્ફોર્મન્સ અને અને ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ સુનિશ્ચિત કરે છે, જેની ડિઝાઇનનો એક આશય છે – ભારતીય ખેડૂતોને રાઇસ (પ્રગતિ કરવા) માટે સક્ષમ બનાવવા. સ્વરાજ ટ્રેક્ટર્સ 15એચપીથી 65એચપીની રેન્જમાં ટ્રેક્ટર્સનું ઉત્પાદન કરે છે તથા કૃષિ સાથે સંબંધિત તમામ સોલ્યુશન પણ પ્રદાન કરે છે.

સ્વરાજ ટ્રેક્ટર વિશે વધારે જાણકારી મેળવવા વેબસાઇટ જુઓઃ www.swarajtractors.com

**Media contact information**

Arthur Serrao & Shruti Chhabra
Communications Team
Mahindra & Mahindra Ltd.

Email: serrao.arthur@mahindra.com&chhabra.shruti@mahindra.com

Copyright © 2019 Mahindra & Mahindra Ltd. All rights reserved.